# સેક્ટર-૧માં વૃક્ષારોપણ દ્વારા શિક્ષક દિનની ઉજવણી

## સ્માર્ટ કિડ્ઝ સ્કૂલમાં શિક્ષક દિન નિમિત્તે વૃક્ષો વાવી બાળકોને તેનુ મહત્વ સમજાવાયું




ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં તમામ શાળાઓમાં શિક્ષક દિનની ઉજવણી મોટે ભાગે બાળકોએ સ્વયં શિક્ષક બની કરવામાં આવી હતી. જો કે સેક્ટર-૧ની સ્માર્ટ કિડ્સ સ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી વૃક્ષારોપણ દ્વારા કરવામાં આવી તથા બાળકોને વૃક્ષોનું મહત્વ પણ સમજાવવામાં આવ્યુ હતુ. વૃક્ષછેદનના કારણે પર્યાવરણની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે ત્યારે નવી પેઢીને વૃક્ષારોપણના સંસ્કાર આપી શિક્ષકોએ શિક્ષકદિનની યથાર્થ ઉજવણી કરી હતી.

શિક્ષકદિને શહેરની કેટલીક સ્કૂલમાં બાળકો દ્વારા શિક્ષકોને શુભેચ્છા કાર્ડ અને ભેટસોગાદ વગેરે આપવાનું ચલણ છે. સ્માર્ટ કિડ્ઝના સિનિયર કેજીના બાળકો બાળપણથી જ પર્યાવરણ અંગે સભાનતા કેળવે અને વૃક્ષોનું મહત્વ સમજે તે હેતુથી સ્માર્ટ કિડ્ઝ શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગુલમહોર, લીમડા જેવા ઘટાદાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વળી, બાળકોને આ કાર્યક્રમમાં વૃક્ષોનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું. આજના યુગમાં પર્યાવરણની સ્થિતિ જે રીતે દિન-પ્રતિદિન કથળી રહી છે તે જોતા આગામી પેઢી આ અંગે પહેલેથી જાગૃત બને તે અત્યંત આવશ્યક છે.



લોકડાયરો - ગણેશોત્સવ પર્વના પ્રારંભે ભૂવનેશ્વર મહાદેવના પ્રાંગણમાં યુવક મંડળ દ્વારા યોજાયેલ લોકડાયરામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો... લોક સંસ્કૃતિનું વાતો અને ગીતો દ્વારા શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા....

# ગુજરાત પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ૧૯માં ક્રમાંકે ફેંકાયું

## માધ્યમિક શિક્ષણમાં ૨૧માં ક્રમે ધકેલાયું : ઇજનેરી અને મેડિકલ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા અઢી માસનો સમય થયો હોવા છતાં હજુ પુરી થઇ નથીઃ શંકરસિંહ વાઘેલા

અમદાવાદ, તા.૬

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજરોજ પત્રકાર મિડીયાના મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, રાજયમાં યુનિવર્સિટીઓની એક મહિના પછી પરીક્ષાઓ લેવાની તૈયારી કરવાની હોય તેને બદલે એન્જીનીયરીંગ, મેડીકલ, ફાર્મસીમાં પ્રવેશ પ્રક્રિયા આજે પણ ગુજરાત સરકારની અડઘણ નિતી રીતીથી આજે પણ ચાલી રહી છે. જેનાથી વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આર્થિક અનામત પધ્ધતિના અમલીકરણ બાબતમાં ભાજપ સરકારે પુરો અભ્યાસ કર્યા વગર લોકોને ખુશ કરવા અને આંદોલન તોડવા માટે જે પથરો નાંખ્યો છે તેને કારણે હોશિયાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત થઈ રહી છે. હકીકતમાં જુનમાં કોર્ષ શરૂ થઈ જવો જોઈએ અને એકાદ માસમાં પરીક્ષા આવે તેને બદલે જુલાઈ, ઓગસ્ટ અને આજે સપ્ટેમ્બર મહીનો ચાલી રહ્યો છે ત્યારે પણ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. આમ સરકાર અઢી મહિના પાછળ ચાલી રહી છે ત્યારે શિક્ષણમાં સારા પરીણામની અપેક્ષા કેવી રીતે રાખી શકાય. છેલ્લાં પાંચ વર્ષમાં કેટલીક સરકારી કોલેજોની સરકારે જાહેરાત કરી છે. એમાં કેટલીક સરકારી શાળા કોલેજોમાં પીપીપી મોડેલ એટલે કે પ્રિન્સિપાલ, પ્રોફેસર અને પટાવાળા એકજ વ્યક્તિ સર્વેસર્વા હોય એમ કોલેજો ચાલી રહી છે. ભારતીય જનતા પાર્ટીના છેલ્લા ૨૦ વર્ષના શાસનમાં શિક્ષણ સાવ ખાડે ગયું છે જે શિક્ષણ ભાવિ પેઢીનો આધાર છે. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કે કોલેજ સ્તરનું હોય તમામ સ્તરે ભાજપ સરકારના અણઘડ વહીવટ અને ગુજરાત નંબર-૧ નંબર-૧ એવા બણગા ફુંકતી ભાજપ સરકારમાં ગુજરાત દેશમાં પ્રાથમિક શિક્ષમાં ૧૯મા ક્રમે અને માધ્યમિક શિક્ષણમાં ૨૧મા ક્રમે પહોંચી ગયું છે. ગુણોત્સવ, પ્રવેશોત્સવ, કન્યા કેળવણી ઉત્સવો એ ભાજપ સરકારના પ્રચારના રાજકીય સ્ટંટ છે. જેમાં આખે આખી સરકાર કામે લાગી જાય અને તેમ છતાં ૨૫ વર્ષમાં કોઈ પરિણામ ન મળે. માત્ર

(અનુસંધાન નીચેના પાને)

વાહીયાત વાતો અને જાહેરાતો કરીને પ્રાથમિક શાળાના શિક્ષકોને શિક્ષણ સિવાયનું કામનું ભારણ આપીને શિક્ષણની જે અવદશા ભાજપ સરકારે કરી છે તેને ગુજરાતની જનતા ક્યારેય માફ કરી શકે નહીં.

# ગાંધીનગરમાં ગટર સફાઈ માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિ રદ કરવા માંગ

## દસ-પંદર વર્ષથી કામ કરતા સફાઈ કામદારોને કાયમી કરવા સાથે સરકારી પરિપત્રનો અમલ કરી અંશઃકાલીન સ્વીપરની તાકીદે ભરતી કરો : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં ગટરની સફાઈ કામગીરી માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિ રદ કરી છેલ્લા દસ પંદર વર્ષથી કામ કરતા સફાઈ કામદારોને કાયમી કરવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે પાટનગર યોજના વિભાગ-૩માં ખાલી પડેલી જગ્યાઓમાં આ સફાઈ કામદારોની ભરતી તાત્કાલીક કરવા માંગણી કરી છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર શહેર અને જિલ્લામાં ડ્રેનેજની સફાઈ કામગીરી કરતાં કામદારોને છેલ્લા ૧૫ વર્ષથી હળહળતો અન્યાય થઈ રહ્યો છે. આ સફાઈ કામદારો દ્વારા મહાનગરપાલિકા તેમજ સરકાર સમક્ષ અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમગ્ર તંત્ર હાથ ઊંચા કરી ઉંઘી રહ્યું છે. આ સફાઈ કામદારોની રજૂઆતો અંગે તેમણે જણાવ્યું છે કે પાટનગર યોજના વિભાગ-૩ હસ્તકની સે. ૩, ૨૨ અને ૨૪માં આવેલી ડ્રેનેજ સુવિધા કચેરી દ્વારા શહેર અને શહેરમાં સમાવિષ્ટ ગામોની મુખ્ય ગટરલાઈનનું મરામત અને નિભાવણીનું કામ કરવામાં આવે છે. તેમાં ૧૨ જેટલા સફાઈ કામદારો ૧૫ વર્ષથી કોન્ટ્રાક્ટ પદ્ધતિમાં કામ કરે છે. તેઓ ડ્રેનેજ લાઈનની કામગીરીના અનુભવી અને જાણકાર હોવાથી પાટનગર યોજના વિભાગ-૩માં અત્યારે ખાલી પડેલી ક્લીનરની જગ્યાઓ પર તેની તાત્કાલીક ભરતી કરવી જોઈએ.

આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં ગટરની સફાઈ માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કામદારો રાખવામાં આવે છે જેમાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સિવાય કોઈને ફાયદો થતો નથી અને સફાઈ કામદારોની મજબુરીનો લાભ ઉઠાવવામાં આવે છે. આથી સરકારી કચેરીઓ તેમજ બોર્ડ-નિગમમાં છેલ્લા દસ વર્ષ કે વધારે સમયથી ફરજ બજાવતા અંશઃકાલીન સ્વીપરને કાયમી કરવા જોઈએ. સરકારના આ અંગેના પરિપત્રનો જે તે કચેરીના અધિકારીઓ દ્વારા અનાદર કરવામાં આવતો હોવા અંગે મુખ્યમંત્રીને તપાસ કરવાનું જણાવતા તેમણે ઉમેર્યું છે કે ગાંધીનગર શહેરમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ રદ કરી છેલ્લા ૧૦-૧૫ વર્ષથી કામ કરતા સફાઈ કર્મચારીઓને તાત્કાલીક ધોરણે કાયમી કરવાનો ઓર્ડર આપવા જોઈએ.




રાસ-ગરબાની રમઝટ - ગણેશોત્સવના પ્રારંભે સેક્ટર-૩/ડી ખાતે યુવક મિત્રમંડળ દ્વારા પ્રથમ દિને રાસ-ગરબાની રમઝટ યોજાઈ હતી.... અમદાવદાની ગોલ્ડન ચિયર્સના કલાકારોના સુર-તાલથી ખેલૈયાઓમાં ઉત્સાહ અભિવ્યક્ત થયો હતો....

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### સૌના મન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આધ્યાત્મિકક્ષેત્રે મોટુ યોગદાન આપ્યુ હોવાનુ પણ ઉમેર્યુ હતુ.અશોક ભાવસારે પ્રમુખ સ્વામી તેમના જીવનમાં હંમેશા પથ દર્શક બની રહયા હોવાનુ જણાંવી તેમના જીવનની ચઢતી પડતીમાં મુંઝવણનો માર્ગ તેમના થકી મળ્યો હોવાનો એકરાર કરીને વંદના કરી હતી. પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજને શ્રધ્ધાંજલિ અર્પતા જણાંવ્યુ હતુ કે વાણી ,વર્તન ,વ્યવ્હારથી બધુ છોડી તેમના શરણે જવાનુ મન થાય તેવુ વ્યકિતત્વ ધરાવતા પ્રમુખ સ્વામી હાથ મુકે અને હાંશ થાય. યુવાપેઢીને યોગ્ય રસ્તે વાળવાનુ ઉમદા કામ કરી તેમણે તંદુરસ્ત સમાજના નિર્માણ માટે યોગદાન આપ્યુ હતુ. શકિતસિંગ ગોહીલે જણાંવ્યુ હતુ કે પ્રમુખ સ્વામી બે હ્રદ્રયવાળા સંત હતા. કરોડપતિ હોય કે રોડપતિ તેમના માટે બધા સરખા હતા.તેમના જીવનમાં વિવાદને ક્યારેય સ્થાન મળ્યુ નથી. પત્રકાર અજય ઉમટે પણ પ્રમુખ સ્વામી સાથેના સ્મરણો વાગોળી અક્ષરધામ પર થયેલા આંતંકવાદી હુમલાના અંતે પ્રમુખ સ્વામીએ ત્રાસવાદીઓના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી  પ્રમુખ સ્વામીએ આ તબક્કે જણાંવ્યુ હતુ કે મતે આત્માનો કોઈ વાંક નથી પરંતુ ભવિષ્યમાં આવો વિચાર શુધ્ધા કોઈને ન આવે તે જરૂરી છે. તેમણે પ્રમુખ સ્વામીને શાંતિના શાશ્વત સર્જક કહયા હતા.

### દર્દીના મોત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ કેસના દર્દીઓ રાજસ્થાનમાં નોંધાયા છે. તેમજ આ રોગ સંધિપાત સમુદાયના કીટકો કરડે તો તેનાથી આ રોગ થાય છે.

આ સંધિપાત સમુદાયના કીટકો સામાન્યતઃ ઊંચા ઘાસમાં થતા હોય છે. તેમજ આ રોગ પશુપાલન સાથે સંકળાયેલા લોકોને પણ થતો હોય છે. ખુલ્લા પગે ઊંચા ઘાસમાં ચાલવુ જોઈએ નહિ તેમ કહેવાય છે.

ગામમાં એક જ સપ્તાહમાં થયેલા બે મરણને કારણે સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

### ઉંડી તપાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધુ પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. વિદેશમાંથી પૈસા જમા કરવામાં આવ્યા છે કે કેમ તેમાં તપાસ ચાલી રહી છે. ગિલાનીના નેતૃત્વમાં હુર્રિયત કોન્ફરન્સે આ કાર્યવાહીને ધાકધમકી આપનાર અને બદનામ કરવાવાળી કાર્યવાહી તરીકે ગણાવીને આની ટિકા કરી છે. હુર્રિયત તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અલગતાવાદીઓને વિભાજિત કરવાના હેતુસર આ રણનીતિ ચાલી રહી છે. અલગતાવાદીઓની પ્રતિષ્ઠા ખરાડવાના પ્રયાસ તરીકે પણ આને જોવામાં આવે છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી સઈદ અલીશાહ ગિલાનીના પુત્ર નઈમ ગિલાનીની હિંસા ફેલાવવામાં કોઈ ભુમિકા છે કે કેમ તેમાં તપાસ કરી રહી છે. જમ્મુ કાશ્મીરમાં અને ખાસ કરીને ખીણમાં તાજેતરના દિવસોમાં વ્યાપક હિંસા થઈ ચુકી છે. અલગતાવાદીઓ દ્વારા જીદ્દી વલણ અપનાવવામાં આવી રહ્યું છે. હાલમાં જ રાજનાથસિંહના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ પહોંચ્યું ત્યારે પ્રતિનિધિમંડળના સભ્યો અલગતાવાદીઓને મળવા માટે પહોંચ્યા હતા પરંતુ અલગતાવાદીઓએ વાતચીત કરવાની તક ઝડપી ન હતી અને સભ્યોને ખાલી હાથે પરત મોકલ્યા હતા.

### કોંગ્રેસ જીતશે તો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂરી છે. આના માટે સૌથી પહેલો રસ્તો તેમનું દેવું માફ કરવાનો છે. અમારી સરકારે ખેડૂતોના ૭૦૦૦૦ કરોડ રૂપિયાનું દેવું માફ કરી દીધું હતું. રાહુલે દેવરિયામાં બંધ પડેલી ખાંડ મિલોનો ઉલ્લેખ પણ કર્યો હતો. રાહુલે બંને સરકારો ઉપર આકરા પ્રહારો કર્યા હતા.  ૨૫૦૦ કિલોમીટરની લાંબી યાત્રા આજે શરૂ થઈ હતી. ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં જીતી જવાની સ્થિતિમાં રાહુલે ખેડૂતોનું દેવું માફ કરવા વિજળીના બિલોમાં ૫૦ ટકા સુધી ઘટાડો કરવાનું વચન આપ્યું હતું. કોંગ્રેસના નેતા સવારે ૧૦.૪૫ વાગે હેલિકોપ્ટરથી પહોંચ્યા હતા. ત્યારબાદ ખેડૂતોના દ્વાર સુધી પહોંચવાની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેમની પાર્ટી કિસાનો, મજુરો અને ગરીબો માટે લડાઈ લડી રહી છે. મહાયાત્રાના પ્રથમ બે દિવસ રાહુલ દેવરિયા ઉપરાંત ખુશીનગર, ગોરખપુર, સંતકબીરનગર અને બસતીમાં જઈ રહ્યા છે. રાહુલ આગળની યાત્રા શરૂ કરતા પહેલા ગોરખપુરમાં રોકાશે. ખેડૂતો સાથે આવી જ રીતે ચર્ચા અને રોડ શો જારી રહેશે. ૨૩૩ વિધાનસભા મત વિસ્તારમાં તેઓ ફરનાર છે.

### ખાટલા લેવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

થવા લાગ્યા હતા. કેટલાક લોકો વચ્ચે તો ખાટલાઓ માટે પારસ્પરિક ઝપાઝપી પણ થઈ હતી. એક વ્યક્તિ એક સાથે બે ખાટલા લઈને ફરાર થઈ રહી હતી. રાહુલની સભા માટે એકલા રુદ્રપુર માટે દિલ્હીથી ૨૦૦૦ ખાટલા મંગાવવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા પરંતુ રાહુલ ગાંધી જતા રહ્યા બાદ અફડાતફડી મચી ગઈ હતી. કેટલાક લોકો ખાટલાને લઈને બાઈક ઉપર ભાગતા નજરે પડ્યા હતા. કેટલાક મોટી વયના લોકો જ્યારે ખાટલા લઈ જઈ રહ્યા હતા ત્યારે યુવાનોએ તેમની પાસેથી આ ખાટલા આંચકી લીધા હતા. ભારે અફડાતફડીના કારણે કોંગ્રેસની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો હતો. રાહુલની કિસાન યાત્રા દરમિયાન યુપીના દેવરિયામાં અજીબ નજારો જોવા મળ્યો હતો. ખાટલા પંચાયત પૂર્ણ થવાની સાથે જ લોકોએ ખાટલાઓની લૂંટ મચાવી હતી. આના માટે આયોજનના અભાવને પણ જવાબદાર ગણવામાં આવે છે. કોઈ પાર્ટી તરફથી આ સંદર્ભમાં હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. લોકો વચ્ચે ઝપાઝપી થઈ હોવાના અહેવાલ પણ મળ્યા છે.

